# સંધિ - (૧)

સંધિ

સ્વરસંધિ | વ્યંજનસંધિ

અહીં આપણે સ્વરસંધિ વિષે સમજીશું. જ્યારે સ્વરનું જોડાણ સંધિના નિયમ પ્રમાણે થાય ત્યારે તેને સ્વરસંધિ કહે છે.

દા.ત. : દેશ + અભિમાન = દેશાભિમાન ⟶ સરખી જાતિના સ્વરનું જોડાણ

પરમ + ઈશ્વર = પરમેશ્વર ⟶ જુદી જાતિના સ્વરનું જોડાણ.

મહત્ત્વની સ્વરસંધિ નીચે પ્રમાણે છે.

(અ) અ + અ = આ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ભાવ | + | અર્થ | = | ભાવાર્થ | (૨) | પર | + | અધીન | = | પરાધીન |
| (૩) | સ્નેહ | + | અધીન | = | સ્નેહાધીન | (૪) | વૃદ્ધ | + | અવસ્થા | = | વૃદ્ધાવસ્થા |

(બ) આ + આ = આ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | મહા | + | આત્મા | = | મહાત્મા | (૨) | તૃષા | + | આતુર | = | તૃષાતુર |
| (૩) | ચિંતા | + | આતુર | = | ચિંતાતુર | (૪) | મહા | + | આલય | = | મહાલય |

(ક) ઇ + ઇ = ઈ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | રવિ | + | ઇન્દ્ર | = | રવીન્દ્ર | (૨) | પરિ | + | ઇક્ષા | = | પરીક્ષા |
| (૩) | યતિ | + | ઇન્દ્ર | = | યતીન્દ્ર | (૪) | જતિ | + | ઇન્દ્ર | = | જતીન્દ્ર |

(ડ) ઈ + ઈ = ઈ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | નારી | + | ઈશ્વર | = | નારીશ્વર | (૨) | યોગી | + | ઈશ્વર | = | યોગીશ્વર |
| (૩) | રજની | + | ઈશ | = | રજનીશ | (૪) | પાર્વતી | + | ઈશ | = | પાર્વતીશ |

(ઈ) ઉ + ઉ = ઊ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ભાનુ | + | ઉદય | = | ભાનૂદય | (૨) | ગુરુ | + | ઉત્તમ | = | ગુરૂત્તમ |
| (૩) | સુ | + | ઉક્તિ | = | સૂક્તિ | (૪) | લઘુ | + | ઉત્તર | = | લઘૂત્તર |

(ફ) ઊ + ઊ = ઊ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | વધૂ | + | ઊર્મિ | = | વધૂર્મિ | (૨) | સિંધૂ | + | ઊર્મિ | = | સિંધૂર્મિ |